| | |
|---|---|
| રજૂ તારીખ :– | ૧૭.૦૫.૨૦૨૪ |
| દાખલ તારીખ:– | ૧૭.૦૫.૨૦૨૪ |
| જજમેન્ટ તારીખ:– | ૧૮.૦૩.૨૦૨૬ |
| આંક:– | |

सत्यमेव जयते

## FORM-A

---

**ખંભાળીયાના એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ખંભાળીયા.**

---

**ક્રીમીનલ કેસ નં. ૧૦૫૪/૨૦૨૪**

| **એફ.આઈ.આર.ની વિતગો/ગુનો અને પોલીસ સ્ટેશન.** | |
|---|---|
| પોલીસ સ્ટેશન : | ખંભાળીયા પોલીસ સ્ટેશન |
| ગુનો : | **જુગાર ધારાની કલમ–૪ અને ૫** મુજબ |
| તહોમતનામા મુજબ તહોમત : | **જુગાર ધારાની કલમ–૪ અને ૫** મુજબ |
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી : | શ્રી એ.બી.પરમાર |
| આરોપી/આરોપીઓ : | (૧)વિરપાલ હરદાસભાઈ મસુરા (૨)અલીઅકબર રજાક સંઘાર (૩)અજીજ જુમાભાઈ સુરાણી (૪) ધારા જેશાભાઈ ધારાણી (૫)ગોવિંદગર નથુગર ગોસાઈ (૬)ઉમર કાસમભાઈ બંદરી |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | ડી.વી. સાયાણી |

## FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૩૦.૦૪.૨૦૨૪ |
| ફરિયાદની તારીખ : | ૩૦.૦૪,.૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ : | ૧૪.૦૫.૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યા તારીખ : | – |
| ચુકાદા તારીખ : | ૧૮.૦૩.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિરપાલ હરદાસભાઈ મસુરા વી.૦૬ | – | – | જુગાર ધારાની કલમ–૪ અને ૫ મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. | – | – |

## FORM-C

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે

**ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ભરતભાઈ માલદેભાઈ જમોડની જુબાની. | ૨૬ |
| ૨ | પંચ સાહેદ દિપેશભાઈ જયેન્દ્રભાઈ પંડયાની જુબાની. | ૩૪ |
| ૩ | ત.ક.અધિકારી ડાયાભાઈ ગોવીંદભાઈ પરમારની જુબાની | ૩૯ |
| ૪ | પંચ સાહેદ જયદેવભાઈ નથુભાઈ ગોરીયાની જુબાની | ૪૧ |

(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>ફરિયાદ પક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | જુગાર ધારા કલમ–૬ મુજબનું વોરંટ | ૨૭ |
| ૨ | ફરિયાદ | ૨૮ |
| ૩ | પંચનામું | ૩૫ |

**<u>બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>મુદ્દામાલની વિગત</u>**

| અ.નં. | વિગત |
|---|---|
| ૧. | મુદ્દામાલ પાવતી નં.૮૦/૨૪, તા.૩૦/૦૪/૨૦૨૪ માં દર્શાવ્યા મુજબ |

**-: JUDGEMENT :-**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, **ગઈ તા. ૩૦-૦૪-૨૦૨૪ ના રોજ કલાક ૧૭:૩૦ વાગ્યાના અરસામાં આ કામના આરોપી નં. ૧ નાએ પોતાના કબજા હવાલાવાળા વાડીના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ ગંજીપતાના પાન-પૈસા વડે તીનપતીનો હાર-જીતનો જુગાર રમાડી જુગારનો અખાડો ચલાવી રેઈડ દરમિયાન આરોપી નં.૧ થી ૦૬ નાઓ પાસે કુલ રોકડ રૂા.૩૮,૯૫૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૫ કિં.રૂા.૧૧,૫૦૦/- તથા મો.સા. નંગ-૦૩ કિં.રૂા.૫૫,૦૦૦/- તથા ગંજીપતાના પાના નંગ-૫૨ કિં.રૂા.૦૦/૦૦ મળી કુલ રૂપિયા ૧,૦૫,૪૫૦/- ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ગુનો કર્યા** બાબતની આરોપીઓ વિરુધ્ધ ફરિયાદીએ ખંભાળીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં, ખંભાળીયા પોલીસ સ્ટેશને આરોપીઓ વિરુધ્ધ **જુગાર ધારા કલમ-૪ અને ૫** મુજબનો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ જુગાર ધારા કલમ-૪ અને ૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનાનું આંક-૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨. પોલીસ અહેવાલ રજુ થતાં, ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ-૧૯૦(૧)(ખ) આધારે આરોપી વિરૂધ્ધ જુગાર ધારાની કલમ-૪ અને ૫ મુજબના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઈ, કલમ-૨૦૪ અન્વયે સમન્સ કરતાં, આરોપી હાજર થતાં, કલમ-૨૩૦ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, કલમ-૨૬૩ મુજબ વિગતવારનું તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવતા સમજાવતા ગુન્હા અંગે પુછવામાં આવતાં ઈન્કાર કરતાં, કલમ-૨૬૫ મુજબ ફરિયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. સદર કામે ફરીયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવાના આધારે આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં

આરોપીઓએ ફરિયાદ પક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. તેઓને આ કામે છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**૪.** ત્યારબાદ પક્ષકારોની દલીલ સાંભળી. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રીએ ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**૫.** સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ઘ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

(૧) શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, **ગઈ તા. ૩૦-૦૪-૨૦૨૪ ના રોજ કલાક ૧૭:૩૦ વાગ્યાના અરસામાં આ કામના આરોપી નં. ૧ નાએ પોતાના કબજા હવાલાવાળા વાડીના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ ગંજીપતાના પાન-પૈસા વડે તીનપતીનો હાર-જીતનો જુગાર રમાડી જુગારનો અખાડો ચલાવી રેઈડ દરમિયાન આરોપી નં.૧ થી ૦૬ નાઓ પાસે કુલ રોકડ રૂા.૩૮,૯૫૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૫ કિં.રૂા.૧૧,૫૦૦/- તથા મો.સા. નંગ-૦૩ કિં.રૂા.૫૫,૦૦૦/- તથા ગંજીપતાના પાના નંગ-૫૨ કિં.રૂા.૦૦/૦૦ મળી કુલ રૂપિયા ૧,૦૫,૪૫૦/- ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ગુનો કર્યા** બાબતની આરોપીઓ વિરુધ્ધ ફરિયાદીએ ખંભાળીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં,

ખંભાળીયા પોલીસ સ્ટેશને આરોપીઓ વિરુઘ્ધ **જુગાર ધારા કલમ–૪ અને ૫** મુજબનો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અં તે આ કામના આરોપી વિરુઘ્ધ જુગાર ધારા કલમ–૪ અને ૫ મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬. ઉપરોકત મુદૃાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: <u>નિર્ણય માટેના કારણો</u> :–**

**૬.૧** આ કામે વર્તમાન આરોપી વિરૂઘ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિઘ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી નિશંકપણે પુરવાર કરવાના રહે છે. આમ,આ કામે આરોપીઓ સામે જુગાર ધારા કલમ–૪ અને ૫ મુજબના ગુન્હાનો આક્ષેપ છે, ત્યારે ફરિયાદ પક્ષે નીચે ઉપરોકત ગુનાના આવશ્યક તત્વો રેકર્ડ પરથી નિશંકપણે સાબિત કરવાના રહે છે.

**૬.૨** આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે **આંક–૨૬** થી ફરીયાદીની જુબાની થયેલ છે, જેમાં તેઓ **આંક–૨૮** વાળી ફરીયાદને સમર્થનકારી જુબાની આપે છે. સદર સાહેદની ઉલટ તપાસ જોતા જણાવે છે કે, એ વાત સ્વીકાર કરે છે કે, ''આ ગુન્હાની બાતમી હકીકત તા.૩૦/૦૪/૨૪નારોજ ખં ભાળીયા ખાતે હોય ત્યારે અમારી સાથેના એ.એસ.આઈ.મશરીભાઈ

ભારવાડીયાનાઓને મળેલી. એ વાત ખરી છે કે, અમોને આ બનાવની બાતમી મળેલ ન હતી. એ વાત ખરી છે કે બનાવવાળો વાડી વિસ્તાર છે ત્યાં છુટા છવાયા મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે, અમારે કલમ–૬નુ વોરંટ મેળવવા માટે ઉપલા અધીકારીને અરજી કરવી પડે છે. એ વાત ખરી છે કે, કલમ–૬નુ વોરંટ મે મેળવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે અમોએ કહેવાતા મકાનના કોઈ રેવન્યુ દસ્તાવેજ ફરીયાદ સાથે રજુ રાખેલ નથી કે મેળવેલ નથી. એ વાત ખરી છે કે, ગંજીપતા બજારમા સહેલાઈથી મળી શકે. એ વાત ખરી છે કે, આ કામે કયા દરની કેટલી નોટો કબ્જે કરેલ તે ફરીયાદમા દર્શાવેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓ જુગાર રમતા મળી આવેલ નથી કે તેઓને પાસેથી જુગારનુ સાહીત્ય કબજે કરવામાં આવેલ નથી કે કલમ–૬ નું વોરંટ પાછળથી ઉભુ કરેલ. એ વાત ખરી નથી કે મુદ્દામાલ આરોપીઓના કબજામાંથી મળી આવેલ ન હોવા છતાં કામગીરી બતાવવા ખોટી ફરીયાદ આપી, આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.''

તેમજ આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે **આંક–૩૯** થી ત.ક.અમલદારની જુબાની થયેલ છે,સદર સાહેદની ઉલટ તપાસ જોતા જણાવે છે કે, એ વાત સ્વીકાર કરે છે કે,''એ વાત ખરી છે કે, બનાવવાળો વિસ્તારએ વાડી વિસ્તાર છે. ત્યા આજુબાજુ વાડીઓ તથા છુટા છવાયા મકાનો આવેલા હોય તેમજ માણસોની અવર–જવર ચાલુ હોય છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાના માલીકી અંગેના કોઈ દસ્તાવેજ અમોએ કબ્જે કરેલ નથી કે તપાસેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે અમોએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીના કબ્જા માંથી કોઈ મુદ્દામાલ મળી આવેલ ન હોવા છતાં ફરીયાદી અમારા સાથી કર્મચારી હોય તેમની ફરીયાદને અનુરૂપ પંચનામા તથા સાહેદોના નિવેદન પો.સ્ટે.માં બેસી જાતે તૈયાર કરેલ હોય,એ વાત ખરી નથી કે, આરોપીઓ આવો કોઈ જુગાર રમતા ન હોય, ખોટી ફરીયાદને અનુરૂપ સાહેદોના નીવેદનો તૈયાર કરી, ખોટી તપાસ કરી, ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી છે કે, કલમ–૬ના વોરંટ બાબતે મને કોઈ અંગત માહીતી નથી.''

૬.૩ સબબ કામે ફરીયાદ પક્ષના પંચ સાહેદને આંક–૩૪ તથા આંક–૪૧ થી તપાસેલ છે. સદર પંચ સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહીઓ કરેલી. તે સિવાય પંચનામાની હકીકત તેઓ જાણતા નથી, વળી પંચોએ સ્વીકાર રાખેલ છે કે, સહી કર્યા સિવાય તેઓ કશુ જાણતા નથી અને તથી સદર પંચનામાની હકીકત માની શકાય નહી, કેમ કે, સદર પંચનામું શાનુ છે તે પણ સદર પંચ સાહેદોને ખબર ન હતી. તેઓની પંચનામામાં સહી લેવામાં આવેલ. આમ, ફરીયાદ પક્ષ કહેવાતું પંચનામું સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી આ કામનું પંચનામું માની શકાય નહી.

૬.૪ આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપી નં. ૧ જુગારનો અખાડો ચાલવાતા હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે. આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામાંમા સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષના પુરાવાને લક્ષમાં લેતા, ઝડતીવાળી જગ્યા વાડી વિસ્તારમાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. પંચોના નામ ફરીયાદમાં જણાવેલ ન હોય જેથી પંચોની હાજરીમાં મુદ્દામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સંબધે શંકા ઉત્પન્ન થાય છે.

સદર કામે ફરીયાદ પક્ષની હકીકત મુજબ તપાસ દરમ્યાન રેઈડમાં મુદામાલ મળી આવેલ હોય તેવી હકીકત જણાય છે. તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ ફરીયાદના પુરાવા ને જયા સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યા સુધી તેના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. અને આ કામે તપાસેલ બંને પંચ સાહેદ તટસ્થ પંચ સાહેદ છે. તેમ છતાં તેઓ એ આરોપી પાસેથી કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરીયાદીના પુરાવા ને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યા સુધી

તેના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી તેમજ ફરીયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચ સાહેદનું સમર્થન મળેલ નથી. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ ફરીયાદપક્ષ આરોપી સામે નો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેવા નિર્ણય ઉપર આવી મુદ્દા નં. (૧)નો જવાબ **નકારમાં** આપી, મુદ્દા નં. (૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–:: આખરી હુ ક મ ::–</u>

(૧) આ કામના આરોપી (૧)વિરપાલ હરદાસભાઈ મસુરા, રહે. હરીપર ગામ, મહાવીર સોસાયટી, તા. ખંભાળીયા (૨)અલીઅકબર રજાક સંઘાર, રહે. સલાયા ગોજી પાળો, તા. ખંભાળીયા (૩) અજીજ જુમાભાઈ સુરાણી, રહે. સલાયા મેઈન બજાર, ખંભાળીયા તા. ખંભાળીયા (૪) ધારા જેશાભાઈ ધારાણી , રહે. લલીયા ગામ, તા. ખંભાળીયા (૫) ગોવિંદગર નથુગર ગોસાઈ, રહે. ભીંડા ગામ, તા.ખંભાળીયા (૬) ઉમર કાસમભાઈ બંદરી , રહે. સલાયા માયલો વાસ, તા.ખંભાળીયા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૭૮ હેઠળ જુગાર ધારાની કલમ–૪ અને ૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કબ્જે લીધેલ રોકડ રકમને રાજયસાત કરવાનો તથા જો અન્ય કોઈ મુદામાલ કબ્જે લીધેલ હોય, તો તે અન્વયે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય, તો તે કાયમ રાખવામાં આવે છે, જો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો દીન–૩૦ માં યોગ્ય આધાર પુરાવા રજુ કરી પો.સ્ટે. માંથી છોડવી લેવા હુકમ કરવામાં આવે છે. જો સમય મર્યાદામાં મુદ્દામાલ પરત મેળવવા કાર્યવાહી ન થાય તો ક્રીમીનલ

મેન્યુઅલ મુજબ તે સમય પુરો થયેથી મુદ્દામાલનું વેચાણ કરી મળી આવતી રકમ રાજ્ય સાત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) બી.એન.એસ.એસની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અપીલ સમય થતાં સુધીના રૂા.૫,૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૧૮, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮–૦૩–૨૦૨૬
મુ.ખંભાળીયા

**(ધ્રુવરાજસિંહ બી.ચૌહાન)**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ખંભાળીયા
**JUDGE CODE 01732**